# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




મહિસાગર નદી આધારિત ઉદ્‌વહન સિંચાઇ યોજના અને કેનાલ ફેસ-2 યોજના થકી આઠ તાલુકાના 214 તળાવનું આયોજન

# મહિસાગર જિલ્લાના ચાર તાલુકામાં 502 કરોડના ખર્ચે 83 તળાવ ભરાશે

**કપડવંજ,** કઠલાલ, ગળતેશ્વર, ઠાસરા અને બાલાસિનોરના 134 તળાવ ભરવા ઉદ્‌વહન સિંચાઇ યોજના પાછળ 620નો ખર્ચ થયો

(પ્રતિનિધિ) વીરપુર તા.7

ખેડા અને મહિસાગર જિલ્લાના આઠ તાલુકાના આશરે 217 તળાવો ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.1122 કરોડ મંજુર કરવામાં આવ્યાં છે. સરકાર દ્વારા બે યોજના પર કામ થઇ રહ્યુ છે. જેમાં ઉદ્‌વહન સિંચાઇ યોજના પાછળ 620 કરોડનો ખર્ચ થઇ ચુક્યો છે. આ યોજના માર્ચ-2027માં પૂર્ણ થશે. જેમાં 134 તળાવો ભરાશે. જ્યારે મહિસાગર નદી આધારિત કેનાલ ફેસ -2 યોજનામાં વધુ 83 તળાવો ભરવા માટે રૂ.502 કરોડનો ખર્ચ મંજુર થયો છે. આમ બે યોજના થકી ખેડા, મહિસાગર અને બાયડ આસપાસના ગામોના તળાવો ભરવામાં આવશે. જેથી સ્થાનિક ખેડૂતોને સિંચાઈમાં ફાયદો થશે.

ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને મહિસાગર જિલ્લાના બાલાસિનોર, વીરપુર તાલુકાના તળાવો ભરવા માટે છેલ્લા કેટલાક સમયથી માગણી ઉઠતી હતી. આ સંદર્ભે બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણની રજૂઆતના પગલે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે, આ વિસ્તારોના તળાવોમાં પાણી ભરવા માટે મહીસાગર નદી આધારીત ઉદ્‌વહન સિંચાઇ યોજનાની કામગીરી પ્રગતિમાં છે અને આ યોજનામાં મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના 40 તળાવ, ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના 61 તળાવ, કઠલાલ તાલુકાના 20 તળાવ, ગળતેશ્વર તાલુકાના 8 તળાવ અને ઠાસરા તાલુકાના 5 તળાવ એમ કુલ 134 તળાવ ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર નદી આધારીત ઉદ્‌વહન સિંચાઇ યોજનાની કામગીરી 15મી માર્ચ, 2027 સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. હાલ આ સિંચાઇ યોજનાની કામગીરી અર્થે 31મી ડિસેમ્બર, 2025ની સ્થિતિએ રૂ.620 કરોડનો ખર્ચ થયો છે.

રાજ્ય સરકાર દ્વારા મહી આધારિત કેનાલ પ્રોજેક્ટના ફેઝ-2 માટે રૂ.502 કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરી મળતા જ બાયડ સહિત અરવલ્લી અને મહીસાગર જિલ્લાના ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, “વર્ષ 2018 થી તળાવો ભરવાની માંગણી હતી. આ માત્ર બાયડ કે અરવલ્લી જિલ્લો જ નહીં, પરંતુ મહીસાગર જિલ્લાને પણ મોટો ફાયદો કરાવનારી યોજના છે. મહી આધારિત જે કેનાલ હતી તેના ફેઝ-2 માટે 502 કરોડની જે મંજૂરી મળી છે. તેનાથી લુણાવાડા, બાલાસિનોર, વીરપુર અને ખાસ કરીને મારા બાયડ વિસ્તારના 83 તળાવો પાણીથી ભરાઈ જશે.

આ તળાવો ભરાવાથી પ્રજાને અને ખાસ કરીને ખેડૂતોને પાણીની જે વિકટ સમસ્યા હતી તેમાંથી કાયમી છુટકારો મળશે. લુણાવાડા, બાલાસિનોર અને વીરપુરના ખેડૂતોએ પણ આ નિર્ણયને આવકારી સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

પીજ રોડથી બસ સ્ટેશન તરફના માર્ગે ગટરના પાણી ફરી વળ્યા

# નડિયાદના શ્રેયસ ગરનાળામાં પાણી ઉભરાતા ‘ચક્કાજામ’

**અંધારામાં** પાણી ન દેખાતા વાહનચાલકોમાં રોષ


તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

નડિયાદ શહેરના શ્રેયસ ગરનાળામાં અચાનક ગંદા પાણી ઉભરાતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઇ ગયાં હતાં. નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યાના એક વર્ષ થવા છતાં હજુ મુખ્ય સમસ્યા ઠેરની ઠેર જ રહી હોય તેવું વધુ એક વખત સાબિત થયું હતું.

નડિયાદ શહેરમાં આવેલા શ્રેયસ ગરનાળામાં શુક્રવારે સાંજે જ્યારે વાહનોની ભારે અવરજવર હોય છે, ત્યારે જ ગટરના પાણી ઉભરાવાની ઘટના સામે આવી છે. પીજ રોડથી બસ સ્ટેશન તરફ આવતા અન્ડરપાસમાં ગંદા પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. અચાનક પાણી ઉભરાવાને કારણે વાહનચાલકોને ગંદા પાણીમાંથી પસાર થવાની નોબત આવી હતી. રાત્રિના સમયે અંધારાના કારણે પાણીનો અંદાજ ન આવતા અનેક વાહનચાલકો અટવાઈ પડ્યા હતા અને કેટલાકના કપડાં પણ બગડ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

અહીં ગરનાળામાં પાણી ઉભરાયા હોવા છતાં તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે કોઈ સૂચના બોર્ડ કે બેરિકેટિંગ કરવામાં આવ્યું નહોતું.

પાલિકાના કામોની વિગતો અને પ્રોસિડિંગની નકલ ન મળતા વિપક્ષી સભ્યો લાલઘૂમ

# ઉમરેઠ પાલિકાની બજેટ બેઠક માત્ર 5 મિનિટમાં આટોપાતાં વિપક્ષમાં રોષ

**વિપક્ષનો ભારે** હોબાળો, ‘લોકશાહીનું ગળું દબાયું’ હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.7

ઉમરેઠ નગરપાલિકાની બજેટલક્ષી બોર્ડ મિટિંગમાં શાસક પક્ષ દ્વારા એકહથ્થુ શાસન ચલાવવામાં આવતું હોવાના આક્ષેપ સાથે વિપક્ષી સભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો. માત્ર 5 મિનિટમાં જ બજેટ બેઠક આટોપી લેવામાં આવતા અને નક્કી કરાયેલા કામોની વિગતો ગુપ્ત રાખવામાં આવતા વિપક્ષ દ્વારા સત્તાધારી પક્ષની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

ઉમરેઠ પાલિકાની બજેટની બોર્ડ મિટિંગમાં વિપક્ષના ચૂંટાયેલા સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે, મિટિંગમાં કયા કામો નક્કી કરવાના છે ? તેની માહિતી અગાઉથી આપવામાં આવતી નથી. આશ્ચર્યની વાત તો એ છે કે, આટલી મહત્વની બજેટ મિટિંગ માત્ર પાંચ મિનિટમાં પૂર્ણ કરી દેવામાં આવી હતી. મિટિંગ પૂરી થઈ ગઈ અને કામોને બહાલી પણ મળી ગઈ હોવા છતાં, વિપક્ષી સભ્યોને એ પણ ખબર નથી કે બજેટમાં કયા કામો મંજૂર કરવામાં આવ્યા છે.

આ અંગે વિપક્ષી સભ્યોના જણાવ્યા અનુસાર, બોર્ડમાં જે કામો નક્કી કરવામાં આવ્યા હોય તેની પ્રોસિડિંગની નકલ માંગવા છતાં પાલિકા તંત્ર દ્વારા આપવામાં આવતી નથી. શાસક પક્ષ દ્વારા વિપક્ષને અંધારામાં રાખીને લેવામાં આવતા આવા નિર્ણયોને કારણે સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઉમરેઠ પાલિકાના વિપક્ષી સભ્યોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો આ જ પ્રકારે લોકશાહીનું ગળું દબાવીને એકહથ્થુ શાસન ચલાવવામાં આવશે તો તેઓ ચૂપ નહીં બેસે. પ્રજાના સળગતા પ્રશ્નો માટે લડી રહેલા આ પ્રતિનિધિઓએ આગામી સમયમાં આ મામલે ઉચ્ચ કક્ષાએ જ્વલંત રજૂઆત કરવાની અને ન્યાય માંગવાની તૈયારી દર્શાવી છે. અલબત્ત, આ બેઠકને લઈને પણ અન્ય કેટલાક પ્રશ્નો ઊભા થયાં છે.

### મૌન પાળવા પણ વિપક્ષે યાદ અપાવવું પડ્યું

ઉમરેઠ વિધાનસભાના પીઢ નેતા અને ચાલુ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના આકસ્મિક નિધનને પગલે સમગ્ર પંથક શોકમગ્ન છે, ત્યારે ઉમરેઠ નગરપાલિકાના સત્તાધીશોએ માનવતા અને રાજકીય શિષ્ટાચારના લીરેલીરા ઉડાડ્યા હોવાની ઘટના સામે આવી છે. ધારાસભ્યના દેહવિલયના શોક વચ્ચે બજેટ બેઠક મોકૂફ રાખવાને બદલે શાસકોએ માત્ર પાંચ જ મિનિટમાં પ્રક્રિયા પૂર્ણ કરી દેતા વિપક્ષે ભારે ઉહાપોહ મચાવ્યો હતો. આશ્ચર્યજનક બાબત એ છે કે, ધારાસભ્યના માનમાં બે મિનિટનું મૌન પાળવાનું પણ સત્તાધીશો ભૂલ્યા હતાં. જે વિપક્ષે યાદ અપાવ્યા બાદ મૌન રખાયું હતું.

## આણંદ શહેરમાંથી વાહન ચોર પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદ ટાઉન પોલીસે બાતમી આધારે આણંદ અમીન મંજીલ મસ્જિદ સામેથી એક્ટિવા ચોરને ઝડપી પાડયો હતો. આ એક્ટિવામાં કોઇ જ પ્રકારની નંબર પ્લેટ લગાવેલી ન હોવાથી ઉંડાણપૂર્વકની પુછપરછ કરતાં આદીલ જમ્મીલોદ્દીન શેખ (હાલ રહે.આણંદ, મૂળ બિહાર) નો હોવાનું જણાવ્યું હતું. તેણે ગાંધીનગરથી એક્ટિવા ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસે પકડાયેલ ગુનાખોર સામે આગળની તપાસ ચલાવી હતી.

# આંકલાવની ડમ્પર ચોરીમાં ટોળકીના બે તસ્કર પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.7

આંકલાવ પોલીસ સ્ટેશનના ડમ્પર ચોરીના ગુનામાં પોલીસે સઘન તપાસ હાથ ધરી હરિયાણાથી 2ની ધરપકડ કરી છે. જેમની પૂછપરછમાં ડમ્પર ચોરીની ચોંકાવનારી પદ્ધતિ સામે આવી છે.

આંકલાવ પોલીસે પકડેલા ઓમપ્રકાશ શંભુજી બાવરી (મારવાડી) અને સંદીપ વિરેન્દ્ર જાટ (રહે. હરિયાણા)ની પૂછપરછ કરતાં ડમ્પર ચોરીમાં મોટી ગેંગ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ ગેંગ હાઈવે નજીક રાખેલા ડમ્પરની બે દિવસ સુધી રેકી કરતાં હતાં. ચોરી કરવાના સ્થળે પહોંચતા પહેલા 15થી 20 કિમી દૂર જ તમામ સભ્યો પોતાના મોબાઈલ સ્વીચ ઓફ કરી દેતા હતા. ગેંગમાં ચાવી વગર ડમ્પર ચાલુ કરવામાં નિષ્ણાત વ્યક્તિ દ્વારા ચોરીને અંજામ આપવામાં આવતો હતો. ડમ્પર ચોરી કર્યા બાદ એવા રસ્તા પસંદ કરતા જ્યાં ટોલનાકા કે સીસીટીવી કેમેરા ન હોય. ડમ્પરની સુરક્ષિત અવરજવર માટે ગેંગની એક કાર આગળ રહીને પેટ્રોલિંગ કરતી હતી. ખર્ચ માટે દરેક સભ્ય ઘરેથી 20 હજાર રૂપિયા સાથે લાવતા અને 50 કિમી દૂર પહોંચ્યા બાદ જ ફોન ચાલુ કરી માત્ર વોટ્સએપ કોલિંગથી સંપર્ક રાખતા હતા. અંતે હરિયાણામાં 'ફાઈનાન્સનું ડમ્પર છે' તેમ કહી સસ્તા ભાવે વેચીને મેળવેલી રકમ તમામ સભ્યો વહેંચી લેતા હતા.

# સારોલમાં સગા મોટાભાઈએ નાનાનું મકાન પચાવી પાડ્યું

**મકાન ખાલી** કરાવવા જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.7

બોરસદના સારોલ ગામમાં સગા મોટાભાઈએ જ પોતાના નાનાભાઈની માલિકીનું મકાન પચાવી પાડ્યું હોવાની ઘટના બની છે. વર્ષોની મહેનત બાદ બનાવેલા મકાન પર ગેરકાયદે કબજો જમાવી, ખાલી કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપતા ભાદરણ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

આણંદના જીટોડીયા ખાતે રહેતા અને વ્યવસાયે નિવૃત શિક્ષક કિરીટભાઇ રમેશભાઇ તળપદાએ પોતાના મૂળ વતન સારોલ ગામે જમીન ખરીદીને સ્વખર્ચે મકાન બનાવ્યું હતું. કિરીટભાઇ નોકરીના કારણે બહારગામ રહેતા હોવાથી તેમણે આ મકાન પોતાના માતા-પિતાને રહેવા માટે આપ્યું હતું. જોકે, માતા-પિતાના અવસાન બાદ આ મકાન બંધ રહેતું હતું, જેનો લાભ ઉઠાવી તેમના જ મોટાભાઈ અશોકભાઇ રમેશભાઇ તળપદાએ ત્યાં ગેરકાયદેસર રીતે રહેણાક શરૂ કરી દીધું હતું.

જ્યારે કિરીટભાઇને આ કબ્જાની જાણ થઈ અને તેમણે પોતાનું મકાન ખાલી કરવા જણાવ્યું, ત્યારે અશોકભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને મકાન ખાલી કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. તેમણે નાનાભાઈને ધમકાવતા કહ્યું હતું કે, જો હવે પછી મકાન ખાલી કરવાની વાત કરીશ કે અહીં આવીશ તો તને જીવતો નહીં રહેવા દઉં. પોતાના હકનું મકાન મેળવવા માટે કિરીટભાઈએ આણંદ જિલ્લા લેન્ડ ગ્રેબિંગ કમિટીમાં અરજી કરી હતી. આ કમિટીએ સમગ્ર મામલે તપાસ કરી ગેરકાયદે કબજો હોવાનું જણાતા ફરિયાદ નોંધવાનો હુકમ કર્યો હતો. જેના આધારે ભાદરણ પોલીસે અશોક તળપદા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

## વડતાલમાં 5 તોલાનું મંગળસૂત્ર ચોરાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા ભાનુબેન અરવિંદભાઈ ટીમબડીયા 8મી ફેબ્રુઆરીના રોજ અમદાવાદ એક લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ફરતા સમયે પરિવાર સાથે વડતાલ મંદિરના દર્શન કરવા રોકાયા હતા. આ સમયે ભાનુબેને 5 તોલા વજનનું સોનાનું મંગળસૂત્ર કાઢીને પર્સમાં મૂક્યું હતું અને આ પર્સ તેમણે કુર્તાના ખિસ્સામાં રાખ્યું હતું. આ મંદિરમાં દર્શન પૂર્ણ કરી જ્યારે તેઓ બહાર આવ્યા ત્યારે પર્સમાંથી સોનાનું મંગળસૂત્ર ગાયબ જણાયું હતું. આ અંગે તાત્કાલિક મંદિર પ્રશાસનને જાણ કરવામાં આવી હતી અને સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવ્યા હતાં. આ અંગે વડતાલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદની દીકરીએ ડિપ્રેશન સામે જંગ જીતી સસ્તું ‘બ્રેન બેન્ડ’ વિકસાવ્યું

**‘મેક ઇન** ઇન્ડિયા’ હેઠળ શરૂ કર્યું હાઈ-ટેક સ્ટાર્ટઅપ

(પ્રતિનિધિ) આણંદ તા.7

આણંદની શ્વેતા પ્રજાપતિની આંતરરાષ્ટ્રીય મહિલા દિને સફળતાની ગાથા અન્ય મહિલાઓ માટે મશાલચી સમાન બની છે. એમસીએના અભ્યાસ દરમિયાન ગંભીર ડિપ્રેશન, એન્ઝાયટી અને પેનિક અટેક્સનો સામનો કરનાર શ્વેતાબેને હાર માનવાને બદલે પોતાની આ પીડાને જ સમાજ સેવાના માધ્યમમાં બદલવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. આ સંકલ્પમાંથી જન્મ થયો ‘સર્બો ટેક એજ્યુકેશન પ્રાઈવેટ લિમિટેડ’નો, જે આજે માનસિક સ્વાસ્થ્ય ક્ષેત્રે નવી આશા જન્માવી રહ્યું છે.




આણંદના શ્વેતાબેને ઈલોન મસ્ક જેવી આધુનિક બ્રેન-કોમ્પ્યુટર ઇન્ટરફેસ ટેકનોલોજી અને પ્રાચીન સનાતન ધર્મની પદ્ધતિઓનો સમન્વય સાધી ‘ન્યુરોમ’ નામની એઆઈ બેઝ્ડ એપ્લિકેશન વિકસાવી છે. આ એપ દ્વારા મેડિટેશન, સાઉન્ડ થેરાપી અને ત્રાટક જેવી એક્સરસાઈઝને ડિજિટલ સ્વરૂપે રજૂ કરવામાં આવી છે, જેને આઈઆઈટી ગાંધીનગર દ્વારા વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત કરવામાં આવી છે. પ્રધાનમંત્રીના ‘મેક ઈન ઈન્ડિયા’ વિઝનને સાકાર કરવા શ્વેતાબેનનું સ્ટાર્ટઅપ ખાસ ‘બ્રેન બેન્ડ’ (Brain Band) વિકસાવી રહ્યું છે. જેનાથી સામાન્ય માનવી પણ સ્માર્ટ વોચની જેમ પોતાના સ્ટ્રેસ અને મેડિટેશનના પેરામીટર્સ માપી શકશે. મહિલા સાહસિક તરીકે શ્વેતાબેનને કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી SSIP, સૃજન અને નિધિ પ્રયાસ જેવી યોજનાઓ હેઠળ કુલ 50 લાખ રૂપિયાની માતબર ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ‘બેસ્ટ ટેક સ્ટાર્ટઅપ’ Her START ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.


શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદમાં મેળવો
સ્ત્રી રોગોની ઉત્તમ સારવાર, અને તે પણ ખૂબ વાજબી દરે



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સ્ત્રીઓના આરોગ્યની ખાસ માવજત માટે
અમે લાવ્યા છીએ વિશેષ પેકેજીસ.
આ પેકેજીસ દ્વારા મહિલાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળતી
તકલીફો માટે અનુભવી સ્ત્રીરોગ વિશેષજ્ઞો દ્વારા હૉસ્પિટલની જનરલ સેવાઓમાં
એક મહિના માટે ખૂબ જ ઓછા દરે ઈલાજ કરવામાં આવશે.

ઍબ્ડોમિનલ હિસ્ટ્રેક્ટૉમિ (ગર્ભાશય કાઢવાની સર્જરી) -₹10,000
લૅપ્રોસ્કૉપિક હિસ્ટ્રેક્ટૉમિ (ગર્ભાશય કાઢવા માટે ટાંકા વિના સર્જરી) - ₹ 15,000
(નક્કી કરેલ રાહત દરે -તમામ સામાન્ય ખર્ચ સહિત)

નોંધ : લોહી ચઢાવવું, ICU અથવા સુપર સ્પેશિયાલિટી સારવારનો ખર્ચ સામેલ નથી.

પૅકેજીસ માટે નોંધણી : 8 માર્ચ થી 8 એપ્રિલ, 2026

વધુ માહિતી અને નોંધણી માટે સંપર્ક કરો:
પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ – ઓ.પી.ડી. નં. 161

Shree Krishna Hospital
HEALTHCARE WITH INTEGRITY

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ,
(ભાઈકાકા યુનિવર્સિટી સંલગ્ન સંસ્થા)
ગોકલ નગર, કરમસદ 388325
02692 - 228164 I 228411